કોરોનાનું રૌદ્ર સ્વરૂપ

# ઉત્તર ગુજરાતમાં એક દિવસમાં ૧૬૭૨ કોરોનાથી સંક્રમિત

## મહિનાના અંતમાં દૈનિક સંક્રમણ ૯૦૦૦નો આંકડો પાર કરે તેવી દહેશત, પાટણ-મહેસાણામાં વિકટ સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ગુજરાતમાં એકાએક કોરોનાના કેસ વધતાં વેપારીઓએ પોતાના જીવની પરવા કરી સ્વયંભૂ લૉકડાઉનનો માર્ગ અપનાવ્યો છે તેનાથી કોરોનાનું સંક્રમણ કાબુમાં આવશે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે પરંતુ અત્યારે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. દરરોજ સંક્રમિતોની સંખ્યામાં ચોંકાવનારો ઉછાળો આવ્યો છે. એક દિવસમાં ૧૬૭૨ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આરોગ્ય વિભાગના આ સત્તાવાર આંકડા છે ત્યારે ખાનગી આંકડા વધુ ચોંકાવનારા હોઈ શકે. મહિનાના અંતમાં આવી સ્થિતિ રહે તો દૈનિક સંક્રમણ ૯૦૦૦નો આંકડો પાર કરશે. પાટણ અને મહેસાણા જિલ્લાના આંકડા અત્યંત ચોંકાવનારા છે.

વાવ-સાંતલપુર થી બાયડ-સાઠંબા સુધીના ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ જરૂરી દવાઓ માટે કણસી રહ્યા છે. રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને કાળા બજારની બુમરેગથી માથું શરમથી ઝૂકી જાય છે. ખાનગી હોસ્પિટલો હાઉસ્ફુલ છે. કોવિડ સરકારી હોસ્પિટલોમાં જગ્યાઓ નથી તેવા જવાબ મળી રહ્યા છે. કોરોનાથી સંક્રમિત પોતાના સ્વજનને બચાવવા માટે ગરીબ, મધ્યમ વર્ગ અને અમીર પોતાનું સર્વસ્વ મૂકીને પણ હાંફડો ફાંફડો બની ગયો છે. સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું તે સાચી વાત પરંતુ ઉત્તર ગુજરાતની સવા કરોડથી વધુની માનવ વસતીએ મોટાભાગે સોશ્યલ ડિસ્ટન્સ ભૂલ્યા છે અને માસ્ક પહેરવાનું પણ ભૂલતાં તેનાં ગંભીર પરિણામો નજર સમક્ષ ગામડાઓમાં કોરોનાનો ચેપ પ્રસરશે તો હાહાકાર મચશે તેવી દહેશત હતી અને બન્યું પણ તેવું જ શહેરી વિસ્તાર કરતાં હવે ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની ગયું છે. સતત વધી રહેલા દર્દીઓના કારણે કોરોના ચેપગ્રસ્ત દર્દીઓ માટેની લાઈફ સેવિંગ દવાઓ ઉત્તર ગુજરાતમાં તો નહીં પરંતુ રાજ્યમાં પણ ક્યાંય મળતી નથી અને અછત ઉભી થઈ છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન અ..ધ..ધ..૧૬૭૨ લોકો કોરોનાથી સંક્રમિત થયાનું ટેસ્ટીંગ દરમ્યાન જોવા મળ્યું છે.

| જિલ્લો | સંક્રમિત કેસ |
|---|---|
| અરવલ્લી | ૫૬ |
| બનાસકાંઠા | ૧૯૮ |
| મહેસાણા | ૫૮૯ |
| પાટણ | ૬૭૯ |
| સાબરકાંઠા | ૧૫૦ |

# વાત્રક હોસ્પિટલમાં સારવાર શરૂ થાય તે અગાઉ શંકાસ્પદ કોરોનાના બે દર્દીનાં મોત

## રિપોર્ટ આવે તે અગાઉ જ મોતને ભેટ્યા, પ્રજા સાવધ રહે તે જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી જિલ્લામાં કોરોના વકરી રહ્યો છે. કેસમાં ઉછાળો આવવાની સાથે મૃત્યુ દરમાં પણ વધારો થયો છે તેમ છતાં આરોગ્ય વિભાગના આંકડામાં મૃત્યુ દર્શાવાતા નથી. બાયડ તાલુકાની વાત્રક હોસ્પિટલમાં સારવાર શરૂ થાય તે અગાઉ શંકાસ્પદ કોરોનાના ૨ દર્દીનાં મોતથી હલચલ મચી છે. જાણવા મળ્યા મુજબ શંકાસ્પદ કોરોનાના લક્ષણ જણાતા દર્દીઓને ઓ.પી.ડી.માં લાવવામાં આવ્યા હતા અને મોત નિપજ્યું હતું. રિપોર્ટ પણ આવવાનો બાકી છે.

કોરોનાનું સંક્રમણ વધ્યા પછી દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. ખાનગી હોસ્પિટલો હાઉસ્ફુલ થઈ અને છેવટે સરકારમાં રજૂઆત પછી વાત્રકમાં ૪૦ બેડની કોવિડ હોસ્પિટલ શરૂ કરવામાં આવી. પ્રથમ દિવસે જ હોસ્પિટલમાં કોરોનાથી ચેપગ્રસ્ત ૨૪ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

પરંતુ કોવિડ હોસ્પિટલ શરૂ થયાના પ્રથમ દિવસે શંકાસ્પદ કોરોનાના લક્ષણ જણાતા ૨ દર્દીના મોતથી અન્ય દર્દીઓ પણ હચમચી ઉઠ્યા છે જો કે સ્થાનિક ડૉક્ટરો અને સ્ટાફે અનેક દર્દીઓનું કાઉન્સેલિંગ શરૂ કર્યું છે. વાત્રકની કોવિડ હોસ્પિટલમાં મળતી સારી સેવાથી હવે અન્ય તાલુકાના દર્દીઓ પણ વાત્રક હોસ્પિટલમાં જ કોરોનાની સારવાર મળે તે માટે આગ્રહ રાખી રહ્યા છે.

### વાત્રક હોસ્પિટલના તબીબ કોરોનાથી સંક્રમિત થયાની આંશકા

વાત્રક હોસ્પિટલના તબીબોએ કોરોનાના કપરા કાળમાં પોતાના જીવની પરવા કર્યા વગર દિવસ-રાત સેવા કરી અનેક દર્દીઓના જીવ બચાવ્યા છે. ત્યારે વાત્રક હોસ્પિટલના જાણીતા તબીબ કોરોનાથી સંક્રમિત થયાની આશંકા છે. જો કે આર.ટી. પી.સી.આર. રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# જિલ્લાના ૩ એસ.ટી. બસ મથકોમાં સ્વૈચ્છીક લૉકડાઉનથી પાંખી હાજરી

## બાયડ, મોડાસા અને ભિલોડા બસ મથકમાં સન્નાટા જેવી સ્થિતિ



અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. પ્રજા અને વેપારીઓએ હવે સ્વયંભૂ સ્વૈચ્છીક લૉકડાઉનનો આશરો લીધો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાંથી તાલુકા મથકે ખરીદી માટે આવતા મુસાફરોમાં કોરોનાની ધાક પેસી ગઈ છે. જિલ્લાના બાયડ, મોડાસા અને ભિલોડામાં સ્વયંભૂ લૉકડાઉનના અહેવાલ સોશ્યલ મીડીયમાં ફેલાયા પછી બસ મથકોમાં તેની સીધી અસર જોવા મળી છે. મોટાભાગની એસ.ટી. બસો ખાલીખમ દોડવાની સાથે બસ મથકોમાં મુસાફરોની પાંખી હાજરી ઉડીને આંખે વળગી છે. ટૂંકમાં પ્રજા, વેપારીઓ અને હવે મુસાફરોમાં પણ કોરોનાની ધાક ઘર કરી ગઈ છે.

કોરોનાની બીજી લહેર વધુ ઘાતક સાબિત થઈ રહી છે. આરોગ્ય વિભાગ પહેલેથી મોતના આંકડા છૂપાવી પ્રજા સાથે અગનખેલ ખેલી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં હાલ કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધ્યું છે. જ્યારે શહેરી વિસ્તારોમાં પણ હમણાંથી સ્થિતિ ચિંતાજનક બનતાં સ્વયંભૂ લૉકડાઉનથી કોરોનાની ચેન તોડવાનો પ્રયાસ શરૂ થયો છે. પોલીસ દ્વારા ફરજીયાત માસ્કના પાલન માટે દંડની કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા પછી રોજગારી અર્થે શહેરી વિસ્તારમાં આવતા શ્રમજીવીઓ કામ અર્થે જવાનું ટાળી રહ્યા છે.

# બાયડ-ભિલોડામાં વેપારીઓનું સ્વૈચ્છીક લૉકડાઉન “જડબેસલાક”

## નાના-મોટા દુકાનદાર, શોપીંગ, મોલ બંધ રહ્યા, ચા ની કીટલીઓ બંધ રહેતાં ચૂસ્કી લેનારા અકળાયા







સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની ગતિ વધી છે. સરકાર અને આરોગ્ય વિભાગ કોરોનાને હરાવવા મરણિયા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે વેપારીઓએ પણ કોરોનાને હરાવવાના મક્કમ ઈરાદાથી સ્વૈચ્છીક લૉકડાઉનનો માર્ગ અપનાવ્યો છે. શનિવાર થી ૨ દિવસનું બાયડ-ભિલોડાના વેપારીઓએ સ્વૈચ્છીક લૉકડાઉન આપ્યા પછી શનિવાર સવારથી બંન્ને શહેરી વિસ્તારોમાં તમામ નાના-મોટા ધંધાર્થીઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી કોરોનાને હરાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ચા ની કીટલીઓ પણ બંધ રહેતાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના સગાઓ ચા ની કીટલીઓ શોધતા જોવા મળ્યા ચા ના બંધાણીઓ પણ દિવસ દરમ્યાન ચા પીવા ન મળતાં અકળાયા હતા.

પ્રસાશનને જો જનતાનો સપોર્ટ મળે તો અજેય સિદ્ધિ હાંસલ કરી શકે છે. છેલ્લા ૧૩ મહિનાથી રાજ્ય તેમજ જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હાવિ રહ્યું છે જેમાં સ્વયંભૂ તેમજ આદેશ કરાયેલા લૉકડાઉનમાં જિલ્લાના વેપારીઓએ સ્થાનિક પ્રસાશનને અમૂલ્ય સહયોગ આપી કોરોનાને હરાવવામાં પડખે રહ્યા છે. બાયડ, ભિલોડા, મોડાસા સહિતના વિસ્તારોમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યા પછી ખાસ કરીને બાયડ અને ભિલોડાના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉન અને તમામ વેપારીઓ વેક્સિનેશન કરાવશે તે માટે સંકલ્પબદ્ધ બન્યા. શનિવાર સવારથી બાયડના તમામ વિસ્તારોમાં વેપારીઓએ સ્વૈચ્છીક લૉકડાઉનને જડબેસલાક બનાવ્યું હતું. ભિલોડાના પ્રતિનિધિ પણ જણાવી રહ્યા છે કે ભિલોડામાં પણ કોરોના મહામારીની લડતમાં વેપારીઓએ તંત્ર સાથે હોવાનો કોલ આપ્યો છે. શનિવારે ભિલોડાના તમામ બજાર બંધ રહ્યા હતા. દિવસ દરમ્યાન બંન્ને શહેરી વિસ્તારોમાં બજાર બંધ રહેતાં શોપીંગ અને મોલ ભેંકાર ભાસતા હતા.

### બાયડમાં દુકાનો ખુલ્લી રાખવા માટે વેપારીઓને ફોન કોને કર્યા..??

બાયડ પાલિકા વિસ્તારમાં વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો નિર્ણય જાહેર કર્યો હતો. શનિવારથી ૨ દિવસનું વેપારીઓનું સ્વયંભૂ લૉકડાઉન શરૂ થયું છે. શનિવાર સવારથી નાના-મોટા તમામ વેપારીઓથી માંડી ચા ની કીટલીઓ પણ બંધ રહી હતી. બાયડનું બજાર સંપૂર્ણ બંધ રહેતાં કેટલાકના પેટમાં તેલ રેડાયું અને મળતિયા વેપારીઓને ફોન કરીને દુકાનો ખુલ્લી રાખવા માટે જણાવ્યું પરંતુ વેપારીઓએ તેમને બહુ ભાવ આપ્યો ન હતો. બાયડમાં વેપારીઓનું સ્વયંભૂ લૉકડાઉન અત્યાર સુધીમાં સૌથી સફળ રહ્યાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

### કોરોનાનો ખોફ : બાયડની હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ

બાયડ : બાયડના વેપારીઓએ કોરોનાને હરાવવાના મક્કમ ઈરાદા સાથે શનિવારથી ૨ દિવસનું સ્વયંભૂ લૉકડાઉન જાહેર કયું હતું. શનિવારે નાના-મોટા તમામ બજારો બંધ રહ્યા હતા. પરંતુ કોરોનાના કેસમાં કેટલો વધારો થયો છે તેનાં દ્રશ્યો બાયડની હોસ્પિટલોમાં દેખાતા દર્દીઓ અને તેમના સગાઓની ભીડ ઉપરથી અનુમાન આવ્યું. બાયડના પ્રજાજનોએ પણ જરૂરી કામ સિવાય બહાર જવું નહીં અને માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો તેવું ડૉક્ટરો જણાવી રહ્યા છે.

### અનિષ્ટ તત્વો અને પેટના બળેલાઓએ દુકાનો ખુલ્લી રાખવા વેપારીઓને ધમકી આપી : હેમંત પટેલ

બાયડ પાલિકા વિસ્તારમાં વેપારીઓએ સ્વયંભૂ દુકાનો બંધ રાખી કોરોના સામેની તંત્રની લડાઈમાં પાલિકા સાથે હોવાનો કોલ આપ્યો હતો જેથી બાયડ બજાર સંપૂર્ણ જડબેસલાક બંધ રહેતાં કેટલાક અનિષ્ટ તત્વો અને પેટના બળેલાઓએ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે ધાકધમકી આપી બાયડ નગરપાલિકાનું ખરાબ દેખાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ વેપારીઓએ ધમકીને વશ થયા વગર દુકાનો જડબેસલાક બંધ રાખી ચૂંટણી જેવો જ પોતાનો મિજાજ દેખાડી દીધો છે તેમ ભાજપના કાર્યકર હેમંત પટેલે જણાવ્યું છે નાપાક તત્વોને બાયડ હવે આ ફૂટેલી કારતૂસોના પ્રભાવમાં કે દબાણમાં નથી તે સ્પષ્ટ જોવા મળ્યું છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં દૈનિક ૮૦૦ રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ, ચાર દિવસ પછી મળ્યા માત્ર ૩૦૦..!!

## ઓક્સિજનની ૨૦ ટનની માંગ સામે મળે છે માત્ર ૧૦ ટન, દર્દીઓને બચાવવા કેવી રીતે..??

રાજ્યમાં કોરોનાના દર્દમાં કણસતા દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે. અનેક વિસ્તારોમાં કાળા બજારની બુમ ઉઠી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં દૈનિક ૮૦૦ રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ સામે ૪ દિવસ પછી શનિવારે માત્ર ૩૦૦નો જથ્થો મળ્યો છે. જ્યારે ઓક્સિજનની ૨૦ ટનની માંગ સામે માત્ર ૧૦ ટન મળતાં દર્દીઓને બચાવવા જ કેવી રીતે..?? તેવો યક્ષ પ્રશ્ન કોવિડ હોસ્પિટલના ડૉક્ટરો માટે ઉભો થયો છે. હિંમતનગરની ગવર્નમેન્ટ હોસ્પિટલમાં ૨૮૨ ઈન્જેક્શનનો જથ્થો છે ત્યારે શોર્ટ સપ્લાયમાં વહીવટી તંત્ર માનવતા દાખવી અન્ય કોવિડ હોસ્પિટલમાં જરૂરીયાતમંદ દર્દીઓને ઈન્જેક્શન આપે તેવી માંગ સામે આવી છે.

કોરોના પછી હવે પ્રજા પણ રેમડેસિવિરના નામથી પરિચિત થઈ ગઈ છે. છેલ્લા ૧૦ દિવસથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ઈન્જેક્શનની અછતથી અનેક દર્દીઓની હાલત ગંભીર બની છે. તો ક્યાક રેમડેસિવિરના આડેધડ ઉપયોગથી દર્દીઓની કીડની ઉપર વિપરીત અસર થયાની વિગતો પણ સામે આવી છે. ઓક્સિજન લેવલ ૯૦ ટકાથી વધુ હોય તો રેમડેસિવિર લેવાની કોઈ જરૂરીયાત નથી પરંતુ કેટલીક કોવિડ હોસ્પિટલોમાં તેને ધિક્તો ધંધો બનાવી દેવામાં આવ્યો છે. એકાએક રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ વધતાં રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ આંખો ચોળતો થઈ ગયો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં હિંમતનગર, ઈડર, મોડાસા અને વાત્રક ખાતેની કોવિડ હોસ્પિટલ ઉપરાંત અન્ય કોવિડ હોસ્પિટલોમાં દરરોજ ૮૦૦ થી વધુ રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ થઈ રહી છે. પરંતુ ડેપોમાંથી માત્ર ગણતરીના ઈન્જેક્શન જ મળતા હોવાથી હવે વિભાગના અધિકારીઓ પણ ઈન્જેક્શન માટે આવી રહેલા કોલથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

કોરોનાનું વિકરાળ સ્વરૂપ

# જિલ્લાના ૧૪ તાલુકામાં મામલતદાર કચેરીનાં જનસેવા કેન્દ્રો અનિશ્ચિત મુદત સુધી બંધ

## અતિઆવશ્યક સંજોગોમાં મામલતદારનો સંપર્ક કરવો, જિલ્લા કલેક્ટરોએ જાહેરનામું બહાર પાડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

કોરોના બેલગામ બનતાં માનવ ભીડ ઓછી કરવા માટે ખુદ સરકાર ગંભીર બનીને નિર્ણય લઈ રહી છે. જેના ભાગરૂપે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રો ઉપર લોકોની ભીડ એકત્ર ન થાય તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાના હેતુસર આવતી કાલ સોમવાર તા.૧૨ એપ્રિલથી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી જાહેર આરોગ્યના હીતને ધ્યાને લઈ જનસેવા કેન્દ્રોની કામગીરી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અતિઆવશ્યક સંજોગોમાં મામલતદારનો સંપર્ક કરવા જણાવ્યું છે. જિલ્લાની મામલતદાર કચેરીઓના દોઢ ડઝનથી વધુ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે આ સંજોગોમાં તંત્રનો આ નિર્ણય ખરા સમયનો હોવાનું કહી શકાય.

અગાઉના વર્ષોમાં ધંધા-રોજગાર બંધ કરાવવા હોય તો પોલીસને નિકળવું પડતું, ક્યાંક બળજબરી પણ કરવી પડતી હતી. પરંતુ કોરોનાનું સંક્રમણ વધ્યા પછી ખુદ વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો માર્ગ અખત્યાર કર્યો છે અને તેનો ખરો શ્રેય હિંમતનગરના કાંણીયોલ અને મોડાસાના સરડોઈના વેપારીઓને આપવો જોઈએ. આ બંન્ને ગામના વેપારીઓ અને પ્રજાએ સ્વયંભૂ લૉકડાઉનને અપનાવ્યા પછી શહેરી વિસ્તારના વેપારીઓએ કોરોનાના દૈત્યને હરાવવા શનિવારથી બે દિવસનું સ્વંયભૂ લૉકડાઉન અને સોમવારથી આંશિક લૉકડાઉન જાહેર કર્યુ અને હવે સરકારના નિર્દેષ પછી બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રોમાં ભીડ ન ઉમટે અને કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે સોમવારથી ફરજીયાતપણે જનસેવા કેન્દ્રોની કામગીરી બંધ કરવામાં આવી છે. તંત્ર દ્વારા બીજી સૂચના ન મળે ત્યાં સુધી જનસેવા કેન્દ્રો બંધ રહેશે જેના કારણે લાખો અરજદારોની હાલાકી વધવાની છે પરંતુ ખાસ અતિઆવશ્યક સંજોગો હોય તો મામલતદારનો વિના વિલંબે સંપર્ક કરવાનું પણ જણાવ્યું છે. સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે ૮ તાલુકામાં જનસેવા કેન્દ્રો સોમવારથી અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે પરંતુ અરવલ્લી જિલ્લામાં કલેક્ટર કક્ષાએથી આવા પરીપત્રની રાહ જોવાય છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ઓક્સિજન, રેમડેસિવિર પછી બેડની અછત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

આરોગ્યની સેવાઓ સુદ્રઢ હોવાના દાવાની પોલ ખૂલી ગઈ છે. છેલ્લા ૫ દિવસથી સાબરકાંઠા, અરવલ્લીમાં ઓક્સિજન, રેમડેસિવિર ઈન્જેક્શન પછી કોરોનાના દર્દીઓનો વિસ્ફોટ સામે આવતાં ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં બેડની અછત સામે આવી છે. તાજેતરમાં નવી કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માટે મંજૂરી મળી પરંતુ કોવિડ હોસ્પિટલમાં વેન્ટીલેટર ઓપરેટ કરવા માટે સ્ટાફની નિયુક્તિ અદ્ધરતાલ રહેતાં કોરોનાના ક્રિટીકલ દર્દીઓના મોતનો આંકડો ઉંચકાય તેવી દહેશત વ્યક્ત થઈ છે. વાત્રક હોસ્પિટલમાં સત્વરે વેન્ટીલેટર ઓપરેટરોની નિયુક્તિ થવી જોઈએ તેવું સંક્રમિત દર્દીઓના સગાઓએ જણાવ્યું છે.

ગુજરાતમાં માનવ જાતના રોગો માટે ઉત્પાદીત દવાઓ મોટા પ્રમાણમાં ફાર્મા કંપનીઓ દ્વારા ઉત્પાદીત થતા હોવાના દાવા થઈ રહ્યા છે. આ દાવા સાચા પણ છે પરંતુ કોરોનાની બીજી લહેરમાં ગુજરાતમાં જ દવાઓની અછત ઉભી થાય તે બાબત કમનસીબ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો બિનસત્તાવાર રીતે ૬૦૦૦ને પાર કરી ગયો છે. સરકારી દફતરના આંકડા સત્યથી અનેક ગણા દૂર છે અને આ માટે જિલ્લાની મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, વિજયનગર, બાયડની હોસ્પિટલો ઉપર નજર કરવામાં આવે તો સંક્રમિત દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવા આજીજી કરવી પડે, કોઈની લાગવગ લાવવી પડે તેવી સ્થિતિ છે. આ તમામ બાબત સત્ય હોવા છતાં આરોગ્ય વિભાગ સહર્ષ સ્વીકાર ટાળી રહ્યું છે. કોરોનાના દર્દીઓને જીવાડવા માટે અનિવાર્ય ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો પણ અનેક દર્દીઓને નસીબ થતો નથી જેના કારણે દર્દીઓના સગાઓને મોતની પરવા કર્યા વગર અમદાવાદ દોટ લગાવવાનો વારો આવ્યો છે.